# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી – અમરેલી

બહુમાળી ભવન,A વિંગ,રૂમ નં-107 થી 111,અમરેલી

ફોન નં : (02792)-222936

E-Mail : amrelideo@gmail.com Website : www.deoamreli.com


ક્રમાંક: પરીક્ષા/નવરાત્રી /વેકેશન/૨૦૧૮-૧૯ તા.૦૫/૧૦/૨૦૧૮

પરિપત્રનં: ૮૧૮

પ્રતિ,

આચાર્યશ્રી

નોન ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ તમામ

જિ.અમરેલી

વિષય: શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવા બાબત.

સંદર્ભ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૦૦૭-૪૪ તા.૨/૮/૨૦૧૮.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર તા.૧૦/૧૦/૨૦૧૮ થી ૧૭/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાનું રહેશે. જે સંદર્ભિત પત્રની નકલ આ સાથે સામેલ છે જે મુજબ ફરજીયાત પણે નવરાત્રી વેકેશન આપવા અંગેનો અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

<u>નકલ સવિનય રવાના</u>: (જાણ સારૂ.)

- પ્રતિ, સયુંકત નિયામક સાહેબ ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

Scanned by CamScanner

પરિપત્ર

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૦૦૧-૪૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી. જૂના સચિવાલય પાસે.
ગાંધીનગર. તા.૦૨/૦૮/૨૦૧૮

માધ્યમિક શાખા
૬૧૩ ૨૧/૮/૧૮
વર્કશીટ નંબર તારીખ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવા બાબત.

સંદર્ભ:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ. ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે સદર્ભમાં દર્શાવેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર ઉક્ત કેલેન્ડરમાં દર્શાવેલ તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૭/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાનું રહેશે. તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ દશેરાની જાહેર રજા છે. શાળાઓમાં દિવાળી વેકેશન તા.૦૫/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૧/૨૦૧૮ સુધી રહેશે. શાળાઓમાં બીજુ શૈક્ષણિક સત્ર તા.૧૯/૧૧/૨૦૧૮થી શરૂ થશે. તે મુજબનો ફેરફાર શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯માં કરવાનો રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ની અન્ય વિગતો યથાવત રહેશે. આ અંગેની જાણ આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

Scanned by CamScanner